અભંગદ્વાર પાઠશાળા

# શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન (૧)

શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજ હો છાજે રે, ઠકુરાઈ પ્રભુ તુજ પદ તણીજી.
શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ.

હે શ્રી સુપાર્શ્વ જિનેશ્વર દેવ ! આપ ત્રણ ભુવનના મસ્તકના મુકુટરૂપ છો. હે પ્રભુ ! આપના તીર્થંકર પદનું ઐશ્વર્ય આજેય મારા દિલ તથા દુનિયામાં દીપી રહ્યું છે.

Melbourne Shwetambar Jain Sangh

# શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન (૨)

**દિવ્યધ્વનિ[૧] સુરફૂલ[૨], ચામર[૩] છત્ર[૪] અમૂલ;**
**આજ હો રાજે રે, ભામંડલ[૫] ગાજે દુંદુભિ[૬]જી.**
**શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ.**

(જુઓ-જુઓ ! સમવસરણમાં બિરાજેલા શ્રી તીર્થંકર પરમાત્માને જુઓ અને જન્મ સાર્થક કરો.)

એ ત્રિભુવનપતિના મહા મહિમાને દશે દિશામાં બુલંદ કરતાં પ્રાતિહાર્યો તો જુઓ ! દિવ્ય ધ્વનિ, દેવોએ વરસાવેલાં પુષ્પો, ચામર, ત્રણ છત્ર, ભામંડલ અને દુંદુભિ એ છ પ્રાતિહાર્યો, પ્રભુની પ્રભુતાના પ્રભાવે કેવાં શોભી રહ્યા છે.

અભંગદ્વાર પાઠશાળા
Abhangdwar PATHSHALA
Melbourne Shwetambar Jain Sangh

# શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન(૩)

સિંહાસન૭ અશોક૮, બેઠા મોહે લોક;
આજ હો રાજે રે, દીવાજે છાજે આઠશું જી.
શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ.

સિંહાસન અને અશોકવૃક્ષ આ આઠ પ્રાતિહાર્યોની વચ્ચે સિંહાસન ઉપર બિરાજેલા પ્રભુજી કેવા શોભી રહ્યા છે ! અને લોકોને મોહી રહ્યા છે !

(બીજી ગાથામાં છ પ્રાતિહાર્યોનો અને આ ગાથામાં બાકીના બે પ્રાતિહાર્યોનો એમ કુલ આઠ પ્રાતિહાર્યોનો ઉલ્લેખ પાંચમી ગાથામાં રજુ કર્યો છે).

# શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન (૪)

**અતિશય સહજના ચ્યાર, કર્મ ખપ્યાથી અગ્યાર;**
**આજ હો કીધા રે, ઓગણીસે સુરગણ ભાસુરેજી.**
**શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ.**

શ્રી તીર્થંકર પરમાત્માને જન્મથી ૪ અતિશયો હોય છે.
ઘાતી કર્મોનો ક્ષય થવાથી બીજા ૧૧ અતિશયો ઉત્પન્ન થાય છે, અને વિનયવંત દેવો ૧૯ અતિશયો સર્જે છે.
આમ કુલ ૩૪ અતિશયો વડે જગદીશ્વર શ્રી જિનરાજ શોભતા હોય છે.

અભંગદ્વાર પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન (૫)

વાણી ગુણ પાંત્રીસ, પ્રાતિહારજ જગદીશ;
આજ હો સ્વામી રે, શિવગામી વાચકજશ થુણ્યોજી.
**શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ.**

પ્રભુની વાણી ૩૫ ગુણયુક્ત હોય છે. ઉપર કહ્યા તે આઠ પ્રાતિહાર્યની શોભા માત્ર પ્રભુને જ ઘટે છે. આવા પરમ તારક, શિવપદગામી શ્રી તીર્થંકર પરમાત્માની સ્તવના કરતાં હું મને ધનભાગ્ય સમજું છું.

Melbourne
Shwetambar Jain Sangh